
## વડીલોને વંદન અભિનંદન



રમણલાલ ડી. બારોટ
(૧૯૩૬) મો. ૯૨૨૮૩૧૧૯૧૯



નિરંજન ભાસ્કરરાય ઓઝા
(૧૯૩૯) ફોન: ૨૩૨૨૨૫૭૬૫

# કલોલ પોલીસની હેરાનગતિથી રીક્ષાચાલક યુવકનું હાર્ટ એટેકથી મોત

## પોલીસના દબાણથી મૃત્યુ થયુ હોવાનો પરિવારજનોનો આક્ષેપ : જવાબદાર પોલીસ સામે ગુનો નહિ નોંધાય ત્યા સુધી મૃતદેહને સ્વિકારવામાં આવશે નહિ

ગાંધીનગર, તા. ૪

પોલીસને શરીરે ખાખી વર્દી ધારણ કરતા જ જાણે સુરાતન ચઢી જતુ હોય છે. પોલીસ દ્વારા પોતાની વર્દીનો રોફ જમાવવા માટે સામાન્ય માણસને પણ છોડવામાં આવતા નથી. આજે કલોલ પોલીસના કારણે રીક્ષા ચલાવતા યુવકનું મોત નિપજવા પામ્યું છે.

મળતી માહિતી મુજબ કલોલ તાલુકાના પલસાણા ગામે રહેતા ભરતજી મથુરજી ઠાકોર ઉં.વ. ૩૫, રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આજે ભરતજી નિત્યક્રમ મુજબ રીક્ષા લઈ પોતાનો ધંધો કરવા માટે નિકળ્યા હતા. કલોલ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કલોલ તાલુકા પોલીસ દ્વારા ભરતજીની રીક્ષાને રોકી ડીટેઈન કરવામાં આવી હતી અને મેમો આપી રીક્ષાને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવી હતી.

પોલીસ દ્વારા મેમો આપવામાં આવ્યો હોવાથી ભરતજીએ નિયત મુજબ મેમો ભરી દીધો હતો. ત્યારે મેમો ભરીને પોલીસ સ્ટેશનની બહાર આવતા જ ભરતજીને એટેક આવ્યો. જેથી તેમના મિત્ર દ્વારા ભરતજીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા પરંતુ હોસ્પિટલ પહોંચે ત્યાં સુધીમાં ભરતજીનું પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું.

પલસાણા ગામના યુવકનું પોલીસ કાર્યવાહી પતાવી નિકળતા મોત થતા સમાચાર ગામમાં પહોંચી જતાં કુટુંબીજનો અને ગ્રામજનો આવી પહોંચ્યા હતા અને ભરતજીનું પોલીસ દ્વારા બિન જરૂરી હેરાનગતિથી મોત થયું છે. જેના કારણે મૃતદેહને સ્વિકારવાની ના પાડી હતી. ગ્રામજનોએ જવાબદાર પોલીસ અધિકારી સામે કેસ કરી પગલા ભરવામાં નહિ આવે ત્યાં સુધી મૃતદેહ સ્વિકારવામાં આવશે નહિ. ત્યારે મોડી સાંજ સુધી આ ઘટનાનો ઉકેલ આવી શક્યો નથી.

ઉલ્લેખનીય છે કે પોલીસ દ્વારા હંમેશા સામાન્ય લોકોને હેરાન કરવામાં આવતી હોય છે અને હલકુ લોહી હવાલદારનું સમજી પોતાનો રોફ સામાન્ય પ્રજા ઉપર કરતા હોય છે. લોકમુખે ચર્ચાય છે કે પોલીસને જ્યાંથી હપ્તા મળે છે તેમને છુટો દોર આપવામાં આવે છે. આખલાઓ પોલીસની સામેથી પસાર થતા હોવા છતા પણ તેમની સામે ઉંચો અવાજ પણ કરવામાં આવતો નથી. આ ઘટનાથી કલોલ પંથકમાં પોલીસની સામે ભારોભાર રોષ ફેલાયો છે.

# ચિલોડામાં આતંક મચાવનાર 'કપિરાજ' ઝબ્બે



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ગઈકાલે ફરી એક ઘરમાં ઘુસીને કિશોરીના પગે બચકુ ભર્યુ હતુ : ગાંધીનગરના વન વિભાગે વાંદરાને પાંજરે પુરી દહેગામના જંગલોમાં છોડી આવ્યા

ચિલોડા, તા. ૪

ચિલોડામાં છેલ્લા એક અઠવાડિયાથી આતંક મચાવનાર વાંદરાઓની ટોળીનો સૌથી તોફાની અને હિંસક વાંદરો આજે પાંજરે પુરાતા ગ્રામવાસીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. તાજેતરમાં જ આ વાંદરાએ એક બાળાને પગે બચકુ ભરી ઈજાઓ પહોંચાડી હતી. ગાંધીનગરના વન ખાતા દ્વારા કુનેહપૂર્વક પકડીને દહેગામના જંગલોમાં દૂર છોડી આવવામાં આવ્યો હતો.



હજુ ગઈકાલે જ આ વાંદરાએ ચિલોડાના પીંપળાવાળા વાસમાં એક ઘરમાં ઘુસીને નિશા વિનોદભાઈ શાહ નામની એક કિશોરીના પગે બચકુ ભરી લીધુ હતુ. આ પહેલા પણ આ કપિરાજ સહિત વાંદરાના ટોળાએ પીંપળાવાળા વાસ અને પંચવટી સોસાયટી વિસ્તારમાં વહેલી સવારે ધાબે સુઈ રહેલા ગ્રામજનો પર હુમલો કરી પાંચ ગ્રામજનોને ભારે ઈજાઓ પહોંચાડી હતી. આ વાંદરાએ ગ્રામજનોને બચકા ભરીને અને મારીને ઘાયલ કરતા હોવાથી ગામલોકો ભયના ઓથાર તળે આવી ગયા હતા. આ ઉપરાંત આ વાંદરાએ સવારે પાણી ભરી રહેલી એક મહિલા પર ધાબા પરથી સીધો જ કુદકો મારીને પાડી દેતા આ મહિલાને માથાના ભાગે ખાસ્સી ઈજા પહોંચાડી હતી. આમ વાંદરાઓના આતંકથી ગ્રામજનો પારેવાની માફક ફફડી રહ્યા હતા અને સત્વરે વાંદરાને ઝડપી લેવા માંગ ઉઠી હતી.

ગાંધીનગરના વન વિભાગ દ્વારા આજે સવારે આ વાંદરાને પકડવા માટે પીંપળાવાળા વાસમાં લીમડાના ઝાડ નીચે પાંજરૂ મુકવામાં આવ્યું હતું અને આ વાંદરાને લલચાવવા માટે પાંજરામાં ફળફળાદી અને શાકભાજી મુકવામાં આવ્યા હતા. વનખાતાની આ યુક્તિ સફળ રહી હતી અને આ વાંદરો જેવો ફળ અને શાકભાજી ખાવા માટે લીમડાના ઝાડ પરથી ઉતરીને પાંજરામાં આવ્યો કે તુરંત જ પાંજરાનો દરવાજો બંધ કરી તેને કેદ કરી લેવાયો હતો. આ વાંદરો કેદ થઈ જતા જ ગ્રામવાસીઓ હર્ષોલ્લાસથી ઝુમી ઉઠ્યા હતા. અને વાંદરાના ત્રાસમાંથી મુક્તિ મળ્યાના અહેસાસે આનંદિત થયા હતા. વન વિભાગ દ્વારા આ વાંદરાને દહેગામના જંગલોમાં દૂર સુધી લઈ જઈને છોડી મુકવામાં આવ્યો હતો. આ વાંદરાને ઝડપવાના સમગ્ર ઓપરેશન દરમ્યાન ગામના સરપંચ સવાજી ઠાકોર હાજર રહ્યા હતા અને ગ્રામવાસીઓને વાંદરાના ત્રાસમાંથી છુટકારો મળતા રાહતનો દમ લીધો હતો.

# ગુજરાત રાજ્ય સેવા સમિતિનો ૨૮માં વર્ષમાં પ્રવેશ થયો

અમદાવાદ, તા. ૩

અમદાવાદના ટાઉનહોલ ખાતે યોજાયેલ સમારંભમાં સેવા અને



સદ્‌ભાવનાના પાયા પર સ્થાપિત એવી સંસ્થા "ગુજરાત રાજ્ય સેવા સમિતિ"નો ૨૮માં વર્ષમાં મંગલ પ્રવેશ થયો હતો.

આ મંગળ પ્રવેશ નિમિત્તે ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલની હાર્દિક શુભેચ્છા સાથે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીઓ નીતિનભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યકક્ષાના મંત્રી જયદ્રથસિંહ પરમાર, સાંસદ કિરીટભાઈ સોલંકી, ૨૦ મુદ્દા કાર્યક્રમના ચેરમેન કૌશિકભાઈ પટેલ, ઔડાના ચેરમેન ધર્મેન્દ્રભાઈ શાહ, અમદાવાદ શહેર ભાજપ પ્રમુખ અને ધારાસભ્ય રાકેશભાઈ શાહ, ભૂષણ ભટ્ટ, નિર્મલાબેન વાઘવાણી અને માલધારી સમાજ અને ગુજરાત ઘેટાં અને ઉન વિકાસ નિગમના ચેરમેન ભવાનભાઈ ભરવાડ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં જેઓનું સન્માન એન. જી. ઓ. ફેડરેશન, સ્મોલ પત્રકાર ફેડરેશન અને ગુજરાત ગાર્મેન્ટ એસોસિએશન દ્વારા કરાયું હતું. તેમજ આ સમારંભમાં રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ગુજરાતના પોલીસ અધિકારીઓનું સન્માન કરાયું હતું. અને ગુજરાત રાજ્ય સેવા સમિતિ દ્વારા પોલીસ જવાનોની વિધવા બહેનોને અપાયેલ વિમા સુરક્ષા કવચ રિન્યુ કરાયું હતું. વૃદ્ધ, વિકલાંગ અને અંધજન વ્યક્તિઓનાં સન્માનની સાથે સાથે જરૂરિયાતમંદ બહેનોને ૧૦૦૦થી વધુ સાડીઓનું વિતરણ કરાયું હતું.

આ સમારંભમાં સમગ્ર દેશમાં ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મેળવી વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદીની વરણી થતાં ભવ્ય ઉજવણી કરાઈ હતી.

ગુજરાત રાજ્ય સેવા સમિતિના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાજપૂત અને ઉપપ્રમુખ સ્વપ્નિલસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમ અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાંથી સંસ્થાના કાર્યકરો, ઉદ્યોગપતિઓ અને તમામ તબક્કાના પ્રજાજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# મંત્ર શક્તિ દ્વારા શરીરના રોગોને દૂર કરવા કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૪

શહેરમાં રાષ્ટ્રિય ક્રાંતિકારી સંત શ્રીશ્રી ૧૦૮ સ્વામી વૈરાગ્યનંદગિરિજી મહારાજ દ્વારા મંત્ર શક્તિથી શરીરને લગતા વિવિધ રોગોને દૂર કરવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાચલ નિવાસી પંચાયતી નિરંજની અખાડાના સંતશ્રી દ્વારા તા. ૬ જુલાઈ રવિવાર, સવારે ૯.૩૦ થી ૧૧ સુધી ગાયત્રી મંદિર ખાતે રોગોથી મુક્ત થવા માટેની માહિતી આપવામાં આવશે. મહારાજ મંત્ર શક્તિ દ્વારા કમરના મણકા, ઘૂંટણનો દુ:ખાવો, લકવો, કેન્સર, કીડનીના દર્દો તેમજ અસાધ્ય રોગોને દૂર કરવામાં આવશે. આ કેમ્પમાં શરીરના રોગોથી પીડાતા દર્દીઓને મોટી સંખ્યામાં લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૮ની વિદ્યાર્થીનીઓને આવકારવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રવેશોત્સવ નિમિત્તે ધોરણ-૮ની બહેનોએ ભાતિગળ વસ્ત્રો પહેરી માથે કળશ અને શ્રીફળ લઈ આવકારવામાં આવી હતી.

આ પ્રસંગે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ શાળામાં બનાવવામાં આવેલ ટોપ હાઉસમાં બાળ ફિલ્મ બતાવી નાસ્તો આપી પ્રોત્સાહિત કર્યા હતા. એસ.એસ. પટેલ પી.ટી.સી. કોલેજના આચાર્યા કિરણબેન તેમજ શાળાના આચાર્યા ઉપસ્થિત રહ્યા હતા.

# સોલા સિવિલ ખાતે મહિલા કર્મીની છેડતી મુદ્દે હોબાળો

અમદાવાદ, તા.૦૪

અમદાવાદ શહેરમાં સોલા સીવીલ હોસ્પિટલમાં મહિલા કર્મચારીની છેડતીના મુદ્દે હોબાળો થયો હતો. જેમાં આજરોજ સફાઈ કર્મચારીઓ હડતાળ ઉપર ઉતરી ગયા હતા. સફાઈ કર્મચારીઓના હોબાળાથી સફાઈ ઓપરેશન સહિતના કામો અટકી પડતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

વિગતોનુસાર શહેરની સોલા સિવીલમાં સફાઈનું કામકાજ કરતી નિરવ કંપનીની મહિલા કર્મચારીની તેના જ સુપરવાઈઝરે છેડતી કરી હતી જેના વિરોધમાં તમામ કર્મચારીઓ સુપરવાઈઝર બદલવાની માંગ સાથે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. જેથી હોસ્પિટલમાં સફાઈની કામગીરી ઠપ થઈ જતાં ઓપરેશન પણ અટકી પડ્યા હતા જેને પગલે દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. જો કે, આ મુદ્દે હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ હિતેન્દ્ર ભાવસારે જણાવ્યું હતું કે છેડતીની ફરીયાદ તેમની પાસે આવી નથી પરંતુ સફાઈ ન થતાં ઓપરેશન સહિતના કામો અટકી પડ્યા હતા જેના પગલે સફાઈનું કામ કરતી નિરવ કંપનીને નોટીસ પાઠવવામાં આવી છે. નિરવ કંપનીના કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતાં હોસ્પિટલના સત્તાધીશો દ્વારા સફાઈનું કામકાજ કરતી વિશ્વા કંપનીના માણસોને બોલાવ્યા હતા. જો કે, વિશ્વા કંપનીના માણસોને હડતાળ ઉપર ઉતરેલા કર્મચારીઓએ સફાઈ કરતાં અટકાવ્યા હતા અને જણાવ્યું હતુ કે તેઓ આ મુદ્દે તેમની મદદ કરે જેને લીધે સિવીલ હોસ્પિટલની સફાઈનું કામકાજ થઈ શક્યું ન હતું.

# ચોઈસ ફિલીંગ પ્રક્રિયા સામે સ્પાઈ દ્વારા ખાસ રીતે વિરોધ

અમદાવાદ, તા.૦૪

રાજ્યની એન્જીનીયરીંગ કોલેજોમાં ડિગ્રી એન્જીનીયરીંગમાં પ્રવેશ માટે તૈયાર થતા મેરીટ લીસ્ટના ગણતરીનો મુદ્દો હાલ કોર્ટમાં પેન્ડીંગ હોવાથી મેરીટ લીસ્ટ જાહેર કરાયું નથી. આમ છતાં બીજી તરફ એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ દ્વારા ચોઈસ ફિલીંગ પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવતા ભારે વિરોધ ઉઠ્યો છે. એસીપીસીના આ નિર્ણયના વિરૂદ્ધમાં સ્ટુડન્ટ પેરન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ આજે એસીપીસીની ઓફિસમાં આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો. એસીપીસીના કાર્યકરો આજે એસીપીસનાં મેમ્બર સેક્રેટરી બકુલ ધોળકીયા સમક્ષ કટોરા ધરીને એડમિસનની ભીગ માંગવામાં આવી હતી. આ અંગે સ્પાઈનાં પ્રમુખ હિતેન્દ્ર બાગડીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને કઈ પદ્ધતિ મુજબ પ્રવેશ ફાળવવામાં આવશે. તે હજુ નક્કી નથી ત્યારે અનેક વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહ્યા છે. આ અંગે બહેરા તંત્રની કાન ખોલવા માટે એડમિશનની ભીખ માંગવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યમાં ચાલતા ધોરણ-૧૨ પછીના ડિગ્રી ઈજનેરી કોર્સની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અંતર્ગત મેરીટ યાદી પ્રસિદ્ધ કરવાની કાર્યરીતી બાબતે નામદાર સુપ્રીમ કોર્ટમાં હાલમાં સુનાવણી ચાલી રહી છે જેના પગલે મેરીટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી નથી પરંતુ વિદ્યાર્થી સમુદાયના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને જે ઉમેદવારોએ ડિગ્રી ઈજનેરી કોર્સ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે આજે એસીપીસીની વેબસાઈટ ઉપર મોક રાઉન્ડ માટે ચોઈસ ફિલીંગની કાર્યવાહી આજથી હાથ ધરવામાં આવી હતી.

## સ્કૂલ ઓફ ડાન્સ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કુલ ઓફ ડાન્સમાં ૬૦થી વધુ યુવક-યુવતીના રજીસ્ટ્રેશન થયા છે. સત્તાવાર યાદી મુજબ ૭મી જુલાઈ પછી કોઈને પ્રવેશ આપી શકાશે નહીં. કલ્ચરલ સ્કુલ ઓફ એકિંટગ સતત બીજા વર્ષે ૫ જુલાઈને શનિવારના રોજથી કાર્યાન્વિત થશે. જાણીતા નાટય લેખક-નાટયકાર પ્રકાશ લાલાના નેતૃત્વમાં ૧૪ વર્ષથી ઉપરની વયના વિદ્યાર્થીઓને નાટયના વિવિધ પાસાઓ અંગે તાલીમ અપાશે. દર બુધવારે અને શનિવારે સેંટ ઝેવિયર્સ ખાતે ચાલનારા તાલીમ વર્ગને સફળ બનાવવા ડૉ. પ્રણવ જોષીપુરા, ગુંજન વોરા, પરેશ ભટ્ટ, નરેશ ઠાકર, જયેશ પંચોલી, પાર્થ જોશી વિગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## મૃતદેહ મળ્યો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધનસુરા પાસેથી જયારે કપચી ડમ્પરમાં ભરી ત્યારે ડ્રાઈવર એકલો જ ગાંધીનગર આવવા નીકળ્યો હતો અને મૃતક કોણ છે તે પણ ડ્રાઈવર ઓળખતો નથી. પોલીસે કપચી જયાં ભરાઈ તે સ્થળના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા તેમાં પણ કોઈ ડમ્પરમાં બેઠું ન હોવાનું જણાયું હતું. ડ્રાઈવરના જણાવ્યા મુજબ તે રસ્તામાં બાયડ પાસે ચા પીવા ઉભો રહ્યો હતો. કદાચ ત્યાં કોઈ વ્યક્તિ આગળ ઉતરી જવાની ગણતરીએ અંધારામાં કપચી ભરેલી ડમ્પરમાં બેસી ગયો હશે અને સુઈ ગયો હશે. ડમ્પર ચાલકે રાત્રે જાણ ન હોવાથી સે-૮ માં આવીને કપચી ઠાલવી દેતા અંદર જ દબાઈને મૃત્યુ પામ્યો હોય તેવી શક્યતા પ્રાથમિક તપાસમાં જણાઈ રહી છે. સે-૭ પી.એસ.આઈ બોડાણાએ ગુનો નોંધીને તપાસ શરુ કરી છે.

## શબ્દાવલી - ૫૪૩૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ■ | ૪ | ૫ |
| ૬ | | | | ૭ | ૮ | | |
| ૯ | | | ૧૦ | | ૧૧ | | |
| ૧૨ | | | ૧૩ | ૧૪ | | | ૧૫ |
| | ■ | ૧૬ | | | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | | ■ | ૨૦ | | |
| ■ | ૨૧ | | ■ | ૨૨ | | ■ | ■ |
| ૨૩ | | ■ | ૨૪ | | | | |

### આડી ચાવી

૧. પારકાનું ભલું કરવું તે (૫)
૪. મોટર, ગાડી (૨)
૬. ગરીબ (૨)
૭. પરવા, તમા (૪)
૯. રાંધેલો ખોરાક (૪)
૧૧. 'ટકલુ' શબ્દમાં 'ક' જાયતો (૨)
૧૨. ઝટ સળગી ઉઠે તેવો વૃક્ષમાંથી મળતો એક પદાર્થ(૨)
૧૬. પાઉં બિસ્કીટ વગેરે શેકવાનું સાધન (૩)
૧૭. કારાગાર (૨)
૧૮. આતુરતા (૪)
૨૦. નારાયણનો પરમ ભક્ત(૩)
૨૧. ઘાસ (૨)
૨૨. સત્વ - અર્ક (૨)
૨૩. ભ્રમર, આઇબ્રો (૨)
૨૪. સભ્ય, ઉમેદવારી નોંધવનાર (૫)

### ઊભી ચાવી

૧. પરંપરાથી ચાલી આવતું(૬)
૨. રડારોળ (૪)
૩. કેન્સલ, છેકવું (૨)
૪. શાકભાજી, શાક... (૩)
૫. માનવાચક શબ્દ, સાહેબ(૨)
૮. રડવું તે (૩)
૧૦. તુચ્છ, હલકું (૪)
૧૪. ભપકો, આબરૂ (૩)
૧૫. ઉગ્ર, આકરૂ (૩)
૧૬. ચાદર, ચોરસો (૩)
૧૭. વખ, વિષ (૨)
૧૯. લક્ષણ, તુચ્છ ભાષામાં(૩)
૨૦. 'નાદર' શબ્દ આડોઅવળો (૩)
૨૨. નજર તરફની દિશામાં(૨)

### શબ્દાવલી ૫૪૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાતાયન (૪) આશ્લેષ (૬) વંશ (૭) કસક (૯) મશીનરી (૧૦) સકામ (૧૧) પ્રણ (૧૨) આલમ (૧૩) નાજ (૧૪) ખપત (૧૫) રંગમંચ (૧૬) રાખુ (૧૭) રાગ (૧૮) બાદલી (૧૯) તરલતા

**ઊભી ચાવી :-** (૧) વાવંટોળ (૨) તાશ (૩) નકશીકામ (૪) આકરી (૫) ષટકોણ (૮) સનમ (૯) મસલત (૧૧) વ્રજમંડલ (૧૨) આપખુદ (૧૩) નાગ (૧૪) ખરાબો (૧૫) રંગત

## વિધાનસભામાં ગાંધીનગર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

અભ્યાસક્રમની છે. જેમાં સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોનો સમાવેશ થાય છે.

આ કોલેજોમાં ડિપ્લોમાં અભ્યાસક્રમ માટે મંજૂર થયેલ બેઠકોની સંખ્યા ૫૦૪૦ છે. આ પૈકી ૨૦૧૩ની પ્રવેશપ્રક્રિયા દરમ્યાન ૪૦૨૫ બેઠકો ભરાઈ હતી અને ૧૦૧૫ બેઠકો ખાલી રહેવા પામી હતી.

તો કોંગીના ધારાસભ્ય શ્રી બળદેવજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ની સ્થિતિએ કલોલ તાલુકામાં ઉચ્ચ શિક્ષણ આપતી કેટલી સ્વનિર્ભર સંસ્થાઓને છેલ્લા બે સંસ્થાઓને મંજૂરી આપવામાં આવી. હાલ કલોલ તાલુકામાં ધો. ૧૨ પછી ઉચ્ચ શિક્ષણ આપતી ૮ જેટલી સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે.

● **સાંસ્કૃતિક વન**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સાંસ્કૃતિક વન અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર જિલ્લામાં એક સાંસ્કૃતિક વન છે. જે શહેરમાં પુનિતવનના નામે બનાવવામાં આવેલ છે.

● **ગાંધીનગરમાં સસ્તા અનાજની દુકાનોની ફરિયાદ**

કોંગીના ધારાસભ્ય શ્રી ગ્યાસુદીન શેખે ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજના વિતરણમાં છેલ્લા બે વર્ષમાં મળેલ ફરિયાદો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય પુરવઠા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧૮ જેટલી ફરિયાદો તંત્રને મળી હતી. ૨૦૧૩માં આવી ૩ ફરિયાદો મળી હતી. જ્યારે ૨૦૧૪માં ૩૧-૫-૧૪ની સ્થિતિએ ૧૮ ફરિયાદો મળી છે.

આ ફરિયાદોમાં અનાજના વિતરણમાં ગેરરીતિ, હલ્કી ગુણવત્તાનો જથ્થો મળતો હોવાની બાબતનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું છે કે દહેગામ ખાતેના ગોડાઉન ઉપરથી નિયત ગુણવત્તાવાળો જથ્થો નહિ મળતો હોવાની ફરિયાદને લઈ તપાસ કરવામાં આવી હતી પણ ફરિયાદમાં કરાયેલ રજુઆતને કોઈ સમર્થન મળતુ નથી.

રાજ્ય પુરવઠામંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૧૩ જેટલી અન્ય ફરિયાદો મળી હતી. તેની તપાસ દરમ્યાન જણાઈ આવેલ ક્ષતિઓ મુજબ પગલાં લેવામાં આવ્યા છે.

આ ફરિયાદોમાં તથ્ય જણાતાં રૂ. ૬૭૬૬ નો દંડ તેમજ રૂ. ૨૫૦૦ ના પરવાના રાજ્યસાત કરવામાં આવ્યા છે. આ પ્રકારની મળેલી ફરિયાદોની તપાસ ગંભીરતાથી કરવામાં આવે છે.

● **નવી દુકાનો શરૂ કરવાની અરજીઓ**

કોંગીના ધારાસભ્ય શ્રી અમીતભાઈ ચૌધરીએ ૩૧-૫-૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો શરૂ કરવા માટે મળેલ અરજીઓ અંગેની વિગતો માંગતા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પુરવઠા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૧-૬-૧૧ થી ૩૧-૫-૧૨ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કુલ ૬૬ અરજીઓ મળી હતી.

જેમાં ગાંધીનગર તાલુકામાંથી ૩૨, કલોલમાંથી ૨૩ અને માણસામાંથી ૧૧ અરજીઓનો સમાવેશ થાય છે. ૧-૬-૧૨ થી ૩૧-૫-૧૩ના સમયગાળા દરમ્યાન કુલ ૫૮ અરજીઓ જિલ્લાતંત્રને મળી હતી.

જેમાં ગાંધીનગરમાંથી ૩૮, માણસામાંથી ૧૧ અને દહેગામમાંથી ૯ અરજીઓનો સમાવેશ થાય છે. ૨૦૧૨ ના વર્ષમાં ૪ દુકાનોને મંજૂરી આપવામાં આવી છે જ્યારે ૨૦૧૩માં એકપણ નવી દુકાનની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી નથી. ગાંધીનગર જિલ્લામાં આ બે વર્ષ દરમ્યાન મળેલ તમામ અરજીઓનો નિકાલ કરી દેવામાં આવ્યો હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

## ત્રીજા દિવસે પણ સસ્પેન્ડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જોશીયારા, અશ્વિન કોટવાલ સહીત ૧૫ થી ૨૫ ધારસભ્યોએ વેલમાં ધસી આવી પ્લેકાર્ડ દર્શાવી દેખાવો કરતા અધ્યક્ષે તમામને બહાર જવાનું કહ્યું હતું પરંતુ અધ્યક્ષનો આદેશ અવગણીને કોંગ્રેસના ધારાસભ્યોએ વેલમાં સુત્રોચ્ચાર ચાલુ રાખતા અધ્યક્ષે વેલમાં આવેલા કોંગ્રેસના તમામ સભ્યોને ગૃહની એક દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી. ત્યારે કોંગ્રેસના બાકીના સભ્યોએ પોતાની બેઠક પરથી ઉભા થઈને સુત્રોચ્ચાર કરતા અધ્યક્ષ વજુભાઈ વાળાએ પોતાની સીટ પર બેઠેલા વિપક્ષના નેતા સિવાય કોંગ્રેસના તમામ ધારાસભ્યોને ગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની જાહેરાત કરતા વિધાનસભાના સર્જન્ટોએ વેલમાં ધરણા કરતા કોંગ્રેસના ધારાસભ્યોનો હાથ પકડીને ગૃહની બહાર લઈ ગયા હતા ત્યારે આ ધારાસભ્યોના સમર્થનમાં પોતાની બેઠક ઉપર સુત્રોચ્ચાર કરી રહેલા સસ્પેન્ડ થયેલા કોંગ્રેસના ધારાસભ્યો વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ સુત્રોચ્ચાર કરતા ગૃહની બહાર નીકળી ગયા હતા.

## જાહેર નિવિદા

સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ખાતે ત્રણ ઝેરોક્ષ મશીનો નકલ દીઠ ચાર્જથી ભાડા કરાર હેઠળ ચલાવવા ભાવપત્રકો તા. ૧૧/૭/૨૦૧૪ સુધીમાં સીલબંધ કવરમાં રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી મંગાવવામાં આવે છે.

ઝેરોક્ષ મશીનોની વિગતો, કામગીરીનું પ્રમાણ અને અન્ય વિગતો રૂબરૂમાં મળી શકશે.

યોગેશ ગજ્જર
સામાન્ય વહીવટ વિભાગ
સેક્શન અધિકારી, ન (સ્ટોર્શ) શાખા
માહિતી/૬૧૪/૧૪-૧૫ બ્લોક નં.૭, ભોંયતળિયે, ગાંધીનગર

## સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર
## જાહેર નિવિદા નં.૨ / ૨૦૧૩-૨૦૧૪

કાર્યપાલક ઈજનેરશ્રી સા.કાં. પંચાયત મા.મ. વિભાગ હિંમતનગર (ફોન નં. ૨૭૭૨ ૨૪૧૮૭૩) દ્વારા ગુજરાત પેટર્ન યોજનાના કામો જેની અંદાજીત કિંમત રૂ. ૮.૦૦ લાખથી રૂ.૧૨.૪૪ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૧૭/૭/૨૦૧૪થી જોઈ શકાશે તથા તા. ૨૫/૭/૨૦૧૪ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર
ક્રમાંક ના.મા.નિ./હિંમત/૧૧૧/૨૦૧૪